જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૪/૦૬/૨૦૧૮ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૮/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૬૫૨ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૨ રીક્ષા અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬,૯૪૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૯/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૩૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ ચોરી :- સમાચાર યાદી નં.૧૧૯૦ /૧૮**

**ઘાટલોડિયા** : અમરતલાલ કેશવલાલ શાહ (ઉ.વ.૫૬)(રહે,હિરાબાગ સોસાયટી વિભાગ-૧ સી.પી.નગર પાસે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૧૮ બપોરના ૧/30 થી તા.૨૩/૦૬/૨૦૧૮ કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪,૭૭,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.એમ ગામીત ચલાવે છે.

**નારણપુરા** : ભુમીકા વિજયભાઈ કેવત (રહે, ગુજરાત હાઉસિંગ બોર્ડ પ્રગતિનગર) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૧૮ બપોરના ૨/૦૦ થી સાંજના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની લોખંડની જાળીનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમા પ્રવેશ કરી, એચ.પી કંપનીનુ લેપટોપ અને કેનન કંપનીનો કેમેરો તથા ભારતીય ગણરાજ્યનો પાસપોર્ટ મળી કુલ રૂપિયા ૫૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.રાઠોડ ચલાવે છે.

**સરખેજ** : સલીમભાઇ જમાલભાઇ ધાનાણી (રહે,મક્કાનગર સોસાયટી જુહાપુરા વેજલપુર) એ તા. ૨૩/૬/૧૮ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૬/૨૦૧૮ રાતના ૧૧/૦૦ થી તા..૨૧/૦૬/૧૮ ના કલાક ૯/૩૦ વાગ્યા દરમ્યાન સરખેજ ત્રણ રસ્તા ધોળકા સર્કલની સામે આવેલ ઈગલ એજન્સીં નામની દુકાનની છત ઉપરથી પતરૂ તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી સર-સામાન કિંમત રૂપિયા ૧,૨૫,૦૨૩/- અને રોકડ રકમ ૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૮,૦૨૩/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.પંડયા ચલાવે છે.

**આનંદનગર** : ધીરજ નેમચંદ વૈશ્ય (રહે, જયભોલે હોમ્સ નાના ચિલોડા) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૬/૨૦૧૮ રાતના ૧૧/00 થી તા..૨૩/૦૬/૧૮ ના કલાક ૮/30 વાગ્યા દરમ્યાન જોધપુર ગામ કર્ણાવતી કોમ્પલેક્ષમાં આવેલ દુકાન નં.જી/૧૨ “ફેયર પ્રાફાર્મસી” નામની પોતાની દુકાનનું શટર ઉંચુ કરી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી ડી.વી.આર. તથા લોખંડ લોકરમા મુકેલ રોકડ રૂપિયા ૮૧,૭૦૦/- તથા દવાઓ અને બીજી ચીજ વસ્તુઓ તથા ફ્રીજમા મુકેલ ઈંજેક્શનો ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.બોડાત ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૧ /૧૮</u>**

**નારણપુરા** : જ્યોત્સનાબહેન તે ભીખાભાઈ કેશવલાલ પટેલ ની વિધવા પત્ની (ઉ.વ.૬૬)(રહે,સત્યમ બંગ્લોઝ, ઝાયડસ હોસ્પિટલ રોડ, થલતેજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૬/૨૦૧૮ ના કલાક ૧૦/૦૫ વાગ્યાના સુમારે નારણપુરા મિરાંબીકા રોડ બડાપાર્ક સોસાયટી-૪ ના નાકે ઉભા હતા ત્યારે બે અજાણ્યા પુરૂષે “આગળ મર્ડર થયેલ છે જેથી તમારા દાગીના કાઢીને થેલીમાં મુકી દો” તેમ કહી, જ્યોત્સનાબહેને હાથમાં પહેરેલ સોનાની બંગડી નંગ-૪ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની કાઢતા, આ ઇસમોએ પડીકુ બાંધી આપવાના બહાને સોનાની બંગડીઓ ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.

**કાલુપુર** : ભવંરસિંહ તેજસિંહ રાજપુત (ઉ.વ.૪૫)(રહે,અજંટા ગેસ્ટહાઉસ કાલુપુર રેલ્વે સ્ટેશન પાસે) એ તા.૨૩/૬/૧૮ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૦૬/૨૦૧૮ ના કલાક 00/30 થી સવારના ૬/00 વાગ્યા દરમ્યાન કાલુપુર અંજટા ગેસ્ટ હાઉસ માં આવેલ એક અજાણ્યા કસ્ટમરે કાઉન્ટરનુ ડ્રોવર ખોલી, તેમાંથી રોકડ રૂપિયા ૩૧,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.બી.સોલંકી ચલાવે છે.

**<u>લીફ્ટમાંથી પડી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૯૨/૧૮</u>**

**નારોલ** : દીલીપભાઇ સ/ઓ લવજીભાઇ ડામોર (ઉ.વ.૧૮)(રહે,ગીતાજંલી ફ્લેટ સધીમાતાના મંદીર દહેગામ રોડ નરોડા) તા.૨૨/૬/૧૮ ના કલાક ૯/30 વાગ્યાના સુમારે નારોલ પીપળજ ગામ ખાતે આવેલ અંજની સીન્થેટીક્સ નામ ના કાપડાના ગોડાઉનમાં કામ કરતી વખતે ગોડાઉનની લીફ્ટમાંથી નીચે પડી જતા માથામાં તથા શરીરે ગંભીર ઇજાઓ થતા, સારવાર માટે તેમને સહયોગ હોસ્પીટલમાં લાવતા સારવાર દરમ્યાન તા.૨૨/૦૬/૧૮ ના કલાક ૧૦/૧૫ વાગે ફરજ પર ના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેલાભાઇ સોમાભાઇ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૧૯૩/૧૮**

**નિકોલ** : દયાબેન વા/ઓ વિપુલભાઇ પટેલ (ઉ.વ.૩૪)(રહે,સરીતાનગર સોસાયટી, ડાયમંડ મીલ પાસે નિકોલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૨/૬/૧૮ રાતના ૧૧/૦૦ થી તા.૨૩/૬/૧૮ સવારના ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એન.શર્મા ચલાવે છે.

**નારોલ** : પ્રકાશભાઇ સ/ઓ બાબુભાઇ લાવંત્રા (ઉ.વ.૨૪)(રહે,શરેરી ગરીબ આવાસ યોજના ચાર માળીયા ગુજકો માસોલની બાજુમાં નારોલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૩/૬/૧૮ ના કલાક ૮/૨૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેલાભાઇ સોમાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.